# સ્પોર્ટ્સ એનાલિસ્ટ/રમત વિશ્લેષક

રમત વિશ્લેષકો એવા નિષ્ણાતો છે જે પ્રચાર-પ્રસાર માધ્યમો માટે વિવિધ રમતોની જટિલતાઓને ઉકેલવા માટે ડેટા વિશ્લેષણ અને સંચાર કૌશલ્યનો ઉપયોગ કરે છે. તેઓ રમત-ગમતના વિવિધ પાસાઓનું વિશ્લેષણ પણ કરે છે, જેમ કે ખેલાડીઓનું પ્રદર્શન, કંપનીનું પ્રદર્શન, પસંદગી વગેરે જેથી માહિતી સભર નિર્ણયો લઈ શકાય જેના કારણે ચોક્કસ ટીમ અથવા રમતગમત સંસ્થાના પ્રદર્શનમાં સુધારો કરી શકાય.



## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતોના નિયમોથી સારી રીતે પરિચિત છો
- તમે ગણિતનો આનંદ માણો છો
- તમે વિવેચનાત્મક અને વિશ્લેષણાત્મક વિચારસરણી ધરાવો છો
- તમે દબાણ હેઠળ કામ કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ૧૦+૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત)

૨. આંકડાશાસ્ત્ર/ડેટા સાયન્સ/ડેટા એનાલિસિસ/મશીન લર્નિંગ/સ્પોર્ટ્સ મીડિયા/પત્રકારિત્વ/બ્રૉડકાસ્ટિંગ એન્ડ મેનેજમેન્ટમાં સ્નાતક (બી.એસ.સી/બી.એ.)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને ત્યારબાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

રમત વિશ્લેષકનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૯૦,૦૦૦ થી ૧,૫૮,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/sports-analyst/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા એજન્સીઓ (મુદ્રિત માધ્યમો, ઓનલાઈન, ટેલિવિઝન, રેડિયો), સ્પોર્ટ્સ મેનેજમેન્ટ કંપનીઓ, સ્પોર્ટ્સ ડેટા અને ટેકનોલોજી કંપનીઓ, ગેમ-ડેવલપમેન્ટ સ્ટાર્ટઅપ્સ.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ આંશિક રીતે ડેસ્ક-જોબ છે. દેશમાં તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે મુસાફરી એ તમારી કામગરીનો એક ભાગ છે. કામના કલાકો નિશ્ચિત નથી. સ્પોર્ટ્સ વિશ્લેષક તરીકે, તમારે ટીમના સમયપત્રક મુજબ કામ કરવું પડશે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → સ્પોર્ટ્સ એનાલિસ્ટ → સિનિયર સ્પોર્ટ્સ એનાલિસ્ટ → એલિટ સ્પોર્ટ્સ/સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ/સ્પોર્ટ્સ રાઈટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

સ્પોર્ટ્સ એનાલિસ્ટ, ડેટા એનાલિસ્ટ, બ્રોડકાસ્ટ એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન/રમતગમત વિજ્ઞાન/શારીરિક શિક્ષણ/રમત અને વ્યાયામ વિજ્ઞાન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ્ યુનિવર્સિટી, ગાંધીનગર
૨. મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ.
૩. આઈ.આઈ.એમ., રોહતક
૪. આઈ.આઈ.એમ., બેંગલુરૂ
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, મુંબઈ
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ વેલફેર એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા
૮. રામૈયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, રામૈયા, બેંગલુરૂ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. શ્રી રામચંદ્ર ઈન્સ્ટિટ્યુટ ઑફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચ, ચેન્નાઈ.
૨. ડી. વાય. પાટીલ યુનિવર્સિટી, નવી મુંબઈ
૩. એલ.જે. ઈન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટ્સ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ, અમદાવાદ
૪. રાયતબહરા યુનિવર્સિટી મોહાલી, પંજાબ
૫. સિમ્બાયોસિસ સ્કૂલ ઓફ સ્પોર્ટ્સ સાયન્સ
૬. ટ્રાન્સસ્ટેડિયા સંસ્થા, મુંબઈ
૭. ટ્રાન્સસ્ટેડિયા સંસ્થા, અમદાવાદ
૮. મારવાડી યુનિવર્સિટી, રાજકોટ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

હિન્દુસ્તાન ટાઈમ્સમાં રમત વિશ્લેષકનું પદ સંભાળનાર એકમાત્ર મહિલા **કાદમ્બરી મુરલી વેડે**, સ્પોર્ટ્સ ઈલસ્ટ્રેટેડ ઈન્ડિયાના ભૂતપૂર્વ એડિટર-ઈન-ચીફ હતા. વર્ષ ૨૦૧૧ના અંત ભાગમાં જોડાયા પછી, તેણીએ ક્રિકેટ વિશે લખવાનું શરૂ કર્યું. વેડ ભારતના સૌથી લાંબો સમય સેવા આપનાર રાષ્ટ્રીય સંપાદક છે, જેમને વર્ષ ૨૦૦૬ અને ૨૦૦૭માં સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયાઝ ક્રિકેટ રાઈટર્સ એવોર્ડ પ્રાપ્ત થયો છે. તેમને ક્રિકેટની ઈન્ડિયન પ્રીમિયર લીગની સ્થાપના કરવા અંગેની બી.સી.સી.આઈ.ની યોજનાઓ વિશે સૌથી પહેલાં રિપોર્ટ કરનાર તરીકે પણ ઓળખવામાં આવે છે.*

સ્રોત : https://www.kreedon.com/top-9-sports-journalists-of-india/?amp

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.